# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ સાથે ટેલિફોન પર વાતચીત કરી, પશ્ચિમ એશિયામાં શાંતિ માટેના પ્રયાસોનું સ્વાગત કર્યું

2) જાપાનના પ્રધાનમંત્રી સના તાકાઈચી આજે ભારતની ત્રણ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચશે.

3) વિકસિત ભારત - રોજગાર ગેરંટી અને આજીવિકા મિશન - VB-G-RAMG કાયદો, આજથી અમલમાં આવશે.

4) ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની T20 ક્રિકેટ શ્રેણીનો આજથી પ્રારંભ થશે.

5) ICC મહિલા T20 વર્લ્ડ કપમાં, ઓસ્ટ્રેલિયાએ વેસ્ટ ઈન્ડિઝને આઠ વિકેટથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV. PM-IRAN PRESIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ઈરાનના રાષ્ટ્રપતિ ડૉ. મસૂદ પેઝેશ્કિયાન સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી.

રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાને શ્રી મોદીને પશ્ચિમ એશિયામાં તાજેતરના ઘટનાક્રમ વિશે માહિતી આપી હતી. પ્રધાનમંત્રી મોદીએ વિવિધ પક્ષો વચ્ચે થયેલી હાલની સર્વસંમતિનું સ્વાગત કર્યું હતું અને વાતચીત તથા રાજદ્વારી માધ્યમો દ્વારા તમામ મુદ્દાઓનું નિરાકરણ લાવવાના ભારતના વલણનો પુનરોચ્ચાર કર્યો હતો. શ્રી મોદીએ પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિ, સ્થિરતા તેમજ સલામત પરિવહન માટે સતત પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ઈરાનના રાષ્ટ્રપતિએ શાંતિ, સ્થિરતા અને પ્રાદેશિક સહયોગને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રી મોદીના વ્યક્તિગત પ્રયાસોની પ્રશંસા કરી હતી. ઈરાની દૂતાવાસે જણાવ્યું હતું કે વાતચીત દરમિયાન રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાને ભારતમાં બ્રિક્સ ઉર્જા મંત્રીઓની બેઠકના સફળ આયોજન પર સંતોષ વ્યક્ત કર્યો હતો. ભારત સાથેના સંબંધોને વધુ મજબૂત બનાવવાની ઈરાનની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરતા રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાને કહ્યું કે બંને દેશો વચ્ચેના સંબંધો ઐતિહાસિક વારસા અને પરસ્પર આદર પર આધારિત છે.

# JAPAN - PM VISIT

જાપાનના પ્રધાનમંત્રી સના તાકાઈચી આજે ભારતની ત્રણ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચશે. આ તેમની ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાત છે. આવતીકાલે, તેઓ પ્રધાનમંત્રી મોદી સાથે 16મા ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેશે. આ શિખર સંમેલન બંને દેશોને દ્વિપક્ષીય સહયોગના તમામ પાસાઓની સમીક્ષા કરવાની અને તેને મજબૂત કરવાની તક પૂરી પાડશે આ સાથે બંને નેતાઓ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

**(BYTE: SAKLEN)**

# VB G RAM G - IMPLEMENT

વિકસિત ભારત રોજગાર અને આજીવિકા ગેરંટી મિશન-ગ્રામીણ કાયદો - VB G રામજી આજથી અમલમાં આવશે.

ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે VB G રામજી કાયદા હેઠળ, દર નાણાકીય વર્ષમાં 125 દિવસની રોજગારની ખાતરી આપવામાં આવશે. જે ગ્રામીણ ભારતને સશક્ત બનાવશે. અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે ચાલુ નાણાકીય વર્ષમાં આ યોજનાના અમલીકરણ માટે 95,692 કરોડ રૂપિયાની જોગવાઈ કરાઇ છે.

(VOICECAST- AMAN)

# REV. 'VIKSIT BHARAT' (DEVELOPED INDIA) REMUNERATION RATES

કેન્દ્ર સરકારે VB જી રામ જી એક્ટ હેઠળ સુધારેલા મહેનતાણા દરો સૂચિત કર્યા છે. આ દરો આજથી લાગુ થશે. જાહેરનામા મુજબ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વેતન દરમાં વધારો કરવામાં આવ્યો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, પ્રથમ વખત, 300 રૂપિયા પ્રતિ દિવસનો વચગાળાનો આધાર મહેનતાણું દર લાગુ કરવામાં આવ્યો છે. મનરેગા હેઠળ રાષ્ટ્રીય સરેરાશ વેતન 298 રૂપિયા એંસી પૈસા પ્રતિ દિવસથી વધીને વીબીજી રામજી હેઠળ 327 રૂપિયા પિસ્તાળીસ પૈસા પ્રતિ દિવસ થયું છે.

આ સરેરાશ દસ ટકાથી વધુ વેતન વધારો દર્શાવે છે. નવા દરો હવે 21 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લાગુ કરવામાં આવ્યા છે ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આ સુધારાને ગામડાઓની સમૃદ્ધિ દ્વારા વિકસિત ભારતના લક્ષ્ય તરફ એક ઐતિહાસિક પગલું ગણાવ્યું હતું. મંત્રાલયે કહ્યું કે આ પગલું ગરીબ કલ્યાણ, અંત્યોદય અને 2047 સુધીમાં વિકસિત ભારત માટે સરકારની પ્રતિબદ્ધતામાં એક સીમાચિહ્નરૂપ છે.

# GOYAL-GREECE-MINISTER

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભારત અને ગ્રીસ વચ્ચે નાણાકીય સેવાઓ, નાણાકીય ટેક્નોલોજી, ડિજિટલ પેમેન્ટ્સ અને ઉભરતી ટેક્નોલોજીમાં સહકાર વધારીને આર્થિક સંબંધોને મજબૂત કરવા અંગે ચર્ચા કરી હતી.

ગ્રીકના નાણામંત્રી સાથેની મુલાકાતમાં, બંને પક્ષોએ સહિયારી સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે ભારતીય અને ગ્રીક સંસ્થાઓ વચ્ચે ગાઢ સહયોગની સંભાવનાઓ પર પણ વિચાર વિમસ કર્યો. શ્રી ગોયલે ગ્રીસના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ટ્રાન્સપોર્ટ મંત્રી ક્રિસ્ટોસ દિમાસ સાથે પણ મુલાકાત કરી હતી. બંને મંત્રીઓએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી, મેરીટાઇમ સેક્ટર, એવિએશન અને સસ્ટેનેબલ મોબિલિટીમાં ભારત-ગ્રીસના વધતા સહયોગ અંગે ચર્ચા કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# MANDAVIYA-ESIC-MEETING.RTF

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગઇકાલે નવી દિલ્હીમાં કર્મચારી રાજ્ય વીમા નિગમની 198મી બેઠકની અધ્યક્ષતા કરી. આ બેઠકમાં નિગમની આરોગ્યસંભાળ સેવાઓને મજબૂત બનાવવા, તબીબી શિક્ષણનું વિસ્તારણ  અને સંગઠનાત્મક કાર્યક્ષમતા અને સેવામાં સુધારો કરવાના હેતુથી કેટલાક નિર્ણયોને મંજૂરી આપવામાં આવી.

વીમાધારક વ્યક્તિઓ માટે બેરોજગારી ભથ્થું યોજના, અટલ બિમિત વ્યક્તિ કલ્યાણ યોજના, આગામી વર્ષના 30 જૂન સુધી લંબાવવામાં આવી છે. વધુમાં, નવી ESI હોસ્પિટલો હવે સીધા કોર્પોરેશન દ્વારા સંચાલિત કરવાનો નિર્ણય કરાયો છે. નિગમ અને આયુષ મંત્રાલય વચ્ચે એક સમજૂતી કરાર (MoU) પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે આરોગ્યસંભાળ પ્રણાલીમાં આયુષ સેવાઓના એકીકરણ અને સંવર્ધન માટે સંયુક્ત માળખું સ્થાપિત કરશે.

# J-K-AMARNATH-SECURITY

જમ્મુ અને કાશ્મીરમાં અમરનાથ યાત્રા માટે તમામ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રાળુઓનો પહેલો જથ્થો આવતીકાલે ભગવતી નગર બેઝ કેમ્પથી રવાના થશે. અમારા જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, ઉપરાજ્યપાલ મનોજ સિંહા આવતીકાલે સવારે 4 વાગ્યે પ્રથમ જથ્થાને લીલી ઝંડી આપશે. 57 દિવસની આ યાત્રા 3 જુલાઈના રોજ પરંપરાગત નુનવાન-પહલગામ રૂટ અને બાલતાલ રૂટ દ્વારા શરૂ થશે. સલામત, સરળ અને અનુકૂળ યાત્રા માટે વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે.

# RAILWAYS-OFC PROJECT

ભારતીય રેલ્વેએ લગભગ બસો કરોડ રૂપિયાના ખર્ચે દક્ષિણ પૂર્વ રેલવેમાં બાકીના 48-ફાઇબર ઓપ્ટિકલ ફાઇબર કેબલ લગાવાની મંજૂરી આપી છે. જે રેલવેના ડિજિટલ સંચાર નેટવર્કને મજબૂત બનાવશે. આ પ્રોજેક્ટ દક્ષિણ પૂર્વ રેલવેના ચાર મુખ્ય વિભાગોમાં 1,600 કિલોમીટરથી વધુ 48-ફાઇબર OFC કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ પ્રોજેક્ટ આધુનિક રેલ્વે ટેકનોલોજીને ટેકો આપવા, કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવા અને દક્ષિણ પૂર્વીય રેલ્વે નેટવર્કમાં ભવિષ્યમાં ક્ષમતા વિસ્તરણ માટે ડિજિટલ પાયાને મજબૂત બનાવવા માટે જરૂરી સંચાર માળખાકીય સુવિધા પણ પૂરી પાડશે.

# UP-TEST-SPECIAL

ઉત્તર પ્રદેશ સરકારે સેવારત શિક્ષકો માટે અલગ શિક્ષક પાત્રતા પરીક્ષા (TET) લેવાનો નિર્ણય કર્યો છે.

UP TET-2026 સમીક્ષા બેઠકમાં, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશ શિક્ષણ સેવા પસંદગી આયોગને સેવા આપતા શિક્ષકો માટે અલગ TET લેવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે પરીક્ષા ફરજિયાત બનાવી હોવાથી, સેવા આપતા શિક્ષકોને પણ રોજગાર અને પ્રમોશન માટે સમાન તકો મળવી જોઈએ. TET પરીક્ષા ગુરુવારથી 4 જુલાઈ સુધી રાજ્યભરના 60 જિલ્લાઓના 955 પરીક્ષા કેન્દ્રો પર યોજાશે. આશરે 20 લાખ ઉમેદવારો પરીક્ષા આપે તેવી અપેક્ષા છે, જેમાંથી 1,85,000 શિક્ષકો છે.

# VENEZUELA EARTHQUAKE

વેનેઝુએલાના ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 1,943 થયો છે, જ્યારે ઘાયલોની સંખ્યા લગભગ બમણી થઈને 10,571 થઈ ગઈ છે.

25,000 થી વધુ અગ્નિશામકો, બચાવકર્તા, પોલીસ અધિકારીઓ, સૈનિકો દુર્ઘટનાથી પ્રભાવિત તમામ લોકોને મદદ કરવા માટે કામ કરી રહ્યા છે.

25 જૂનના રોજ, વેનેઝુએલામાં 7.2 અને 7.5 ની તીવ્રતાના બે શક્તિશાળી ભૂકંપ આવ્યા હતા. ભૂકંપ પછી કારાકાસમાં ઘણી ઇમારતો ધરાશાયી થઈ ગઈ હતી.

# IND-ENG T20 SERIES

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની T20 ક્રિકેટ શ્રેણી આજથી ઇંગ્લેન્ડમાં શરૂ થશે

શ્રેણીની પહેલી મેચ આજે ચેસ્ટર-લે-સ્ટ્રીટ ખાતે ભારતીય સમય મુજબ રાત્રે 10:00 વાગ્યે શરૂ થશે. બીજી  મેચ શનિવારે માન્ચેસ્ટરમાં, ત્રીજી મેચ 7 જુલાઈએ નોટિંગહામમાં, ચોથી મેચ 9 જુલાઈએ બ્રિસ્ટોલમાં અને પાંચમી અને અંતિમ મેચ 11 જુલાઈએ સાઉથમ્પ્ટનમાં રમાશે.

# ICC WOMEN'S TWENTY20 WORLD CUP

ICC મહિલા T- 20 વર્લ્ડ કપમાં, ઓસ્ટ્રેલિયાએ વેસ્ટ ઈન્ડિઝને આઠ વિકેટથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ્યું છે.

પહેલા બેટિંગ કરતા વેસ્ટ ઇન્ડીઝે ઓસ્ટ્રેલિયાને 126 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ 13 ઓવરમાં માત્ર બે વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. રવિવારે ફાઇનલમાં ઓસ્ટ્રેલિયાનો સામનો બીજા સેમિફાઇનલના વિજેતા સાથે થશે. આવતીકાલે ઓવલ ખાતે બીજી સેમિફાઇનલમાં ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા એકબીજા સામે ટકરાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધિ ઉંધાડ

- આજના મોટાભાગના અખબારોમા રાજ્યમાં પડેલ વરસાદ, યુરોપમાં આગ ઝરતી ગરમીના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- નવગુજરાત સમયની હેડલાઈન છે રાજ્યમાં આખરે મેઘરાજાની મહેર, સુરતમાં 5 ઈંચ.....આત્મનિર્ભર ભારત માટે સુધારા જરૂરી વડાપ્રધાન મોદીનું સચિવો સાથે મંથન...
- ફૂલછાબ લખે છે થીજતું યુરોપ દાઝ્યું- સડકો અને સિગ્નલ લાઈટો ઓગળ્યાં...ભારત પાસે ફક્ત પાંચ દિવસ ચાલે એટલો અનામત ઓઈલ ભંડાર..
- ગુજરાત સમાચારના પ્રથમ પાનાના સમાચાર જોઈએ તો... વિશ્વમાં ડોલર ડામાડોળ-નવા વિકલ્પની શોધ...યુરોપ બાદ હવે અમેરિકા ભઠ્ઠી બનશે અનેક કોલેજો બંધ, તંત્ર એલર્ટ કરાયું....
- સંદેશની હેડલાઈન છે અમરનાથ યાત્રા પર આતંકી હુમલાનું પાકનું કાવતરૂ...
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો સપ્તપદિ વિના માત્ર મેરેજ સર્ટિફિકેટના આધારે લગ્ન કાયદેસર ગણાશે નહીં- ગુજરાત હાઈકોર્ટ...... એસટી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો કરાયો..ચોથી જુલાઈએ વડાપ્રધાન ગુજરાતની મુલાકાતે- સાણંદમાં સેમી કન્ડકટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે..